Welcome 2018 · Happy New Year

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૨ | ૧ જાન્યુઆરી, ૨૦૧૮, સોમવાર ; પોષ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિશ્વભરમાં નવા વર્ષના વધામણા


**નવા વર્ષનું આતશબાજીની સાથે સ્વાગત : ન્યુઝીલેન્ડમાં ભારતીય સમય મુજબ ૪.૩૦ વાગે નવા વર્ષની શરૂઆત : યુરોપિયન દેશોમાં કરોડો રૂપિયાના ખર્ચથી આતશબાજી : નવા વર્ષના જશ્ન હવે આગામી બે-ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે : ભારતમાં પણ ભવ્ય ઉજવણી**












નવી દિલ્હી, તા.૩૧

વર્ષ ૨૦૧૭ને પરંપરાગતરીતે આજે વિદાય આપવામાં આવી હતી. સાથે સાથે વર્ષ ૨૦૧૮ના નવા વર્ષની ઉજવણીનો દોર પણ શરૂ થઈ ગયો હતો. આ જશ્ન આગામી બે દિવસ સુધી ચાલુ રહે તેવી સંભાવાના છે. સમગ્ર વિશ્વના દેશો જશ્નમાં ડુબી ચૂક્યા છે. સાંજ પડતાની સાથે જ કાર્યક્રમો વર્ષ ૨૦૧૭ને વિદાય આપવા અને ૨૦૧૮ને આવકારવા શરૂ થયા હતા જે હવે આગામી એક-બે દિવસ સુધી યથાવતરીતે ચાલુ જ રહેશે. નવા વર્ષે ન્યૂઝીલેન્ડમા તોં એન્ટ્રી કરી લીધી છે. ભારતીય સમય મુજબ સાંજે ૪.૩૦ વાગે ન્યૂઝીલેન્ડના સ્થાનિક સમય મુજબ નવા વર્ષની શરૂઆત થઈ ગઈ હતી. આ પ્રસંગે ન્યૂઝીલેન્ડના શહેર ઓકલેન્ડમાં શાનદાર આતશબાજી કરવામાં આવી હતી. ઓકલેન્ડના લોકો રાત્રિ ગાળા દરમિયાન જશ્નમાં ડુબેલા રહ્યા હતા. ૧૨ વાગતાની સાથે જ સમગ્ર ઓકલેન્ડમાં ઉજવણી શરૂ થઈ હતી. વિશ્વભરમાં ન્યુઝીલેન્ડમાં સૌથી પહેલા નવા વર્ષની એન્ટ્રી થાય છે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ એશિયન દેશમાં નવા વર્ષની શરૂઆત થાય છે. વર્ષ ૨૦૧૭ને વિદાય આપવા અને વર્ષ ૨૦૧૮નું સ્વાગત કરવા માટે વિશ્વના દેશો સંપૂર્ણપણે તૈયાર થયા હતા. જુદા જુદા દેશોમાં પાર્ટીઓનો દોર નવા વર્ષની શરૂઆત થાય તે પહેલાં જ શરૂ થયો હતો. પરંપરાગત રીતે ઘણા દેશોમાં નવા વર્ષનું ભવ્ય આતશબાજી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા વર્ષને આવકારવા મોટા દેશોમાં ઘણા દિવસ પહેલાંથી જ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. નવા વર્ષને આવકારવામાં લોકો વ્યસ્ત દેખાયા હતા. ન્યુઝીલેન્ડના ઓકલેન્ડ શહેરમાં નવા વર્ષની સૌથી પહેલા શરૂઆત થઈ હતી. ઓકલેન્ડ નવા વર્ષની ઉજવણી કરનાર વિશ્વનું સૌથી પ્રથમ શહેર બને છે. ઓસ્ટ્રેલિયાના સિડની, મેલબોર્ન, પર્થમાં ભવ્ય આતશબાજીના નજારા જોવા મળ્યા હતા. બીજી બાજુ વિશ્વના દેશો પણ નવા વર્ષનું ભવ્ય કાર્યક્રમ અને શાનદાર આતશબાજી સાથે સ્વાગત કરવા સુસજ્જ થઈ ગયા હતા. ઓકલેન્ડ શહેર બાદ ઓસ્ટ્રેલિયાના પાટનગર સિડનીમાં ઉજવણી કરવામાં આવી હતી. સિડનીના લોકપ્રિય બંદર પર નવા વર્ષની ઉજવણી માટે પહેલાથી જ તૈયારી કરી લેવામાં આવી હતી. સમગ્ર વિશ્વના લોકો ૨૦૧૭ને ગુડબાય કરવા અને ૨૦૧૮ને આવકારવા પહેલાથી જ તૈયાર થઈ ગયા હતા. ઓસ્ટ્રેલિયામાં સિડની હાર્બર ખાતે વેન્ટેજ પોઈન્ટ ઉપર લાખો લોકો એકત્રિત થયા હતા.

# સીઆરપીએફ ટ્રેનિંગ સેન્ટર પર ભીષણ હુમલો

**જૈશે મોહમ્મદના આત્મઘાતી હુમલાખોરો ફરીવાર ત્રાટક્યા : હુમલામાં સીઆરપીએફના પાંચ જવાન શહીદ અને અન્ય ત્રણ ઘાયલ : ત્રણ ત્રાસવાદીઓ મોતને ઘાટ : પઠાણકોટ એરફોર્સ એરબેઝ જેવો હુમલો કરાયો**



શ્રીનગર, તા. ૩૧

ઓપરેશન ઓલઆઉટથી હચમચી ઉઠેલા આતંકવાદીઓએ પોતાની હાજરી પુરવાર કરવાના હેતુસર વર્ષના અંતિમ દિવસે જમ્મુ કાશ્મીરના પુલવામામાં પઠાણકોટ એરબેઝની જેમ જ મોટા હુમલાને અંજામ આપ્યો હતો.

ત્રાસવાદીઓએ પઠાણકોટ એરબેઝ હુમલાનું પુનરાવર્તન કર્યું હતું. સીઆરપીએફના ટ્રેનિંગ સેક્ટર પર આજે વહેલી પરોઢે બે વાગે જૈશે મોહમ્મદના ત્રાસવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો. જવાનોએ પણ તરત મોરચા સંભાળી લીધા હતા અને સામ સામે ગોળીબારની રમઝટ શરૂ થઈ ગઈ હતી. ત્રાસવાદીઓના આ હુમલામાં સીઆરપીએફના ચાર જવાનો શહીદ થયા હતા. અન્ય ત્રણ જવાન ઘાયલ થયા હતા.

ત્રાસવાદીઓનો હાલના સમયનો આ સૌથી મોટો હુમલો છે. જૈશે મોહમ્મદે ૨૦૧૬માં પઠાણકોટ એરબેઝ ઉપર નવા વર્ષના જશ્ન વચ્ચે જ હુમલો કર્યો હતો. તે વખતે પહેલી જાન્યુઆરીની રાત્રે હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સાત જવાનો શહીદ થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# રજનીકાન્ત રાજકારણમાં

**નવી પાર્ટી બનાવવાની અંતે જાહેરાત : તમિળનાડુમાં ૨૦૨૧માં વિધાનસભા ચૂંટણી લડશે : તમામ ૨૩૪ સીટો પર ચૂંટણી લડવાની જાહેરાત**

ચેન્નાઈ,તા. ૩૧

તમિળનાડુ સુપરસ્ટાર અભિનેતા રજનીકાંતે રાજનીતિમાં એન્ટ્રી કરવાની આજે પોતાની જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવ્યો હતો. રજનીકાંતે કહ્યું હતું કે, તેઓ પોતાની નવી પાર્ટી બનાવશે. એક કાર્યક્રમમાં પોતાના ચાહકો સાથે વાતચીત કરતા રજનીકાંતે આ જાહેરાત કરતા ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. રજનીકાંતના ચાહકો ઘણા દિવસથી ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા હતા. ચેન્નાઈમાં કદમ બકમમાં એક લગ્ન હોલમાં રજનીકાંતે આ મુજબની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ ૨૦૨૧ વિધાનસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરશે. તમિળનાડુમાં તમામ ૨૩૪ વિધાનસભા બેઠક પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ કોઈ પોસ્ટ અથવા પોઝીશન માટે રાજનીતિમાં પ્રવેશ કરી રહ્યા નથી. જો આવી ઈચ્છા રહી હોત તો ૧૯૯૬માં જ સફળતા મળી ગઈ હોત તે વખતે તેઓ ૪૫ વર્ષના હતા. હવે તેઓ ૬૮ વર્ષના થયા છે. રજનીકાંતે કહ્યું હતું કે, તેમની રાજનીતિ આધ્યાત્મ ઉપર આધારિત રહેશે.



કોઈ ધર્મ અથવા જાતિ પર આધારિત રહેશે નહીં. વ્યવસ્થામાં બદલાવ લાવવાની તેમની ઈચ્છા છે. વ્યવસ્થામાં ભ્રષ્ટાચારને દૂર કરવાની તેમની યોજના છે. રાજા મહારાજાના દિવસોના ગાળાથી દેશમાં લૂંટ ચલાવવામાં આવી છે. અમે એવી જગ્યાએ પહોંચી ગયા છે જ્યાં શાસકોની વ્યવસ્થા ખતમ થઈ ચુકી છે. અમારા પોતાના દેશમાં પણ શાસકો લૂટ ચલાવતા હતા.

# ઉત્તર ભારતમાં ધુમ્મસની ચાદર

નવી દિલ્હી,તા. ૩૧

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. બીજી બાજુ ધુમ્મસના પરિણામસ્વરૂપે ૫૨ ટ્રેનો લેટ થઈ છે. અનેક ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. આ ઉપરાં વિમાની સેવાને પણ માઠી અસર થઈ છે. ધુમ્મસની ચાદર વચ્ચે ૯૦ ફલાઈટોને અસર થઈ છે. વિઝીબિલીટી ધુમ્મસના કારણે ૫૦ મીટર સુધી નીચે પહોંચી ગઈ છે.

દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે સવારે ધુમ્મસની સ્થિતિ રહી હતી. ૫૪ સ્થાનિક ફલાઈટોમાં વિલંબ થયો છે જ્યારે ૧૭ ફલાઈટોને અન્ય વિમાની મથકોએ ડાયવર્ટ કરવામાં આવી રહી છે. આવી જ રીતે ૧૧ ઈન્ટરનેશનલ ફલાઈટો પણ મોડેથી છે.

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# મુસ્લિમ મહિલા હજ પર એકલી જઈ શકશે : મોદી

**મન કી બાત કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી : ત્રિપલ તલાકની સામે અવાજ ઉઠાવ્યા બાદ લોકસભામાં બિલ પસાર થયા બાદ હવે મુસ્લિમ મહિલાઓના અધિકારનો મુદ્દો ઉઠાવ્યો : હજમાં પ્રાથમિકતા**

નવીદિલ્હી, તા. ૩૧

ત્રિપલ તલાકની સામે લોકસભામાં બિલ પસાર કરી દેવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે હજયાત્રાને લઈને મુસ્લિમ મહિલાઓના અધિકારને લઈને અવાજ ઉઠાવ્યો છે. પુરુષ અભિભાવક અથવા તો વાલીઓની ઉપસ્થિતિ વગર મહિલાઓની હજ યાત્રા પર પ્રતિબંધને લઈને મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં વાત કરી હતી. વાલીઓની હાજરી વગર મહિલાઓની હજયાત્રા ઉપર પ્રતિબંધને ભેદભાવ અને અન્યાય તરીકે ગણાવીને મોદીએ આજે કહ્યું હતું કે, તેમની સરકારે આ પ્રથાને ખતમ કરી દીધી છે. મોદીએ વર્ષના અંતિમ મન કી બાત કાર્યક્રમમાં મુસ્લિમ મહિલાઓના સંદર્ભમાં વિસ્તારપૂર્વક વાત કરી હતી અને કેટલીક મોટી જાહેરાતો પણ કરી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, મુસ્લિમ મહિલાઓ હવે પુરુષો વગર પણ હજયાત્રાએ જઈ શકે છે. મેહરની પ્રથા અમે ખતમ કરી ચુક્યા છે. અત્રે નોંધનીય છે કે, નવી હજ નીતિ હેઠળ ૪૫ વર્ષની વય પાર કરી ચુકેલી ચાર અથવા તેનાથી વધારે મુસ્લિમ મહિલાઓ મહેરમ વગર પણ એક સાથે હજયાત્રા પર જઈ શકે છે. મહેરમ એટલે જેની સાથે મહિલાના નિકાહ થઈ શકે નહીં. દાખલા તરીકે પિતા, સગા ભાઈ, પુત્ર અને પૌત્રનો સમાવેશ થાય છે. હજુ સુધી હજ ઉપર જવા માટે મહિલા યાત્રીઓની સાથે મહેરમની જરૂર પડતી હતી. કેટલાક ઉમેલા મુસ્લિમ મહિલાઓના એકલી હજયાત્રા ઉપર વિરોધ નોંધાવી રહ્યા હતા અને અમે શરિયતની સામે ગણી રહ્યા હતા. મોદીએ આજે કહ્યું હતું કે, જ્યારે તેઓએ આ સંદર્ભમાં માહિતી મેળવવાની શરૂઆત કરી ત્યારે તેઓ પોતે પણ ચોંકી ગયા હતા. તેમણે કહ્યું હતું કે, તેમને એવું જાણવા મળ્યું કે, જો કોઈ મુસ્લિમ

● અનુસંધાન પાન-૭ પર

હવે,

શિયાળુ સ્પેશીયલની મજા માણો

ઊંધીયું : રૂા. ૧૫૦/- (૫૦૦ ગ્રામ)
જલેબી : રૂા. 300/- (૫૦૦ ગ્રામ)
લીલી હળદરનું શાક : રૂા. 300/- (૫૦૦ ગ્રામ)
તુવેરના ટોઠા (બ્રેડ સાથે): રૂા. ૨૦૦/- (૫૦૦ ગ્રામ)

અમારી વાનગીઓ
માત્ર શુદ્ધ ઘી તથા સીંગતેલમાં ઉપલબ્ધ છે
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે

bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)

MANAGED BY
RUDRAKSH EVENT MANAGEMENT

Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli,
Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 9924252627